જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૬/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૭૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૬૦૨ | ૪૨ | ૮૬૪૪ | ૧૪૭૦૫ | ૩૭ | ૧૪૭૪૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૩૨ | ૨ | ૪૨૩૪ | ૫૭૪૪ | ૩ | ૫૭૪૭ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૧ | ૨ | ૩૩ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૭૮૮ | ૬૨ | ૭૮૫૦ | ૮૭૯૫ | ૭૨ | ૮૮૬૭ |
| કુલ | | ૨૦૬૫૩ | ૧૦૮ | ૨૦૭૬૧ | ૨૯૪૪૩ | ૧૧૨ | ૨૯૫૫૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૭ | ૬૬,૫૦૦/- |

# તડીપાર કરેલ આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશનઃ-

## અમદાવાદ શહેર ,અમદાવાદ ગ્રામ્ય , ગાંધીનગર, ખેડા, મેહસાણા જીલ્લાઓમાંથી તડીપાર ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે આગામી રથયાત્રા અનુસંધાને તડીપાર ઇસમો ચેક કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે મે.મદદનીશ પોલીસ કમિ.શ્રી, 'ઈ'ડીવીઝન, અમદાવાદ શહેરના હદપારી હુકમ ક્રમાંકઃ'એન'/ડીવીઝન/તડીપાર/૦૫/૧૮ તા.૨૫/૦૭/૧૮ ના હુકમ આધારે બજવણી તારીખથી બે વર્ષ માટે તડીપાર ઇસમ ન્યુ લક્ષ્મીનગર સોસા.ના નાકે મળી આવતા જીપીએકટ કમલ-૧૪૨ મુજબ તા.૧૬/૦૬/૨૦૨૦ ના કલાક.૧૮/૧૫ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

### આરોપીનું નામ ;-

અરવિંદ ઉર્ફે કાઠી મગનભાઇ પરમાર ઉ.વ.૩૪ રહે-ડી/૫૦૭ ન્યુ લક્ષ્મીનગર સોસા.ઘોડા કેમ્પરોડ.શાહીબાગ, અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૩૮૪ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૭૮/૨૦૨૦

**સરખેજઃ** સીમાબહેન વા/ઓફ અશ્વિનકુમાર પટેલ (ઉ.વ.૪૦) (રહે. જે.બી.હાઉસ સેલ પેટ્રોલપંપની બાજુમાં આંબલી-ઇસ્કોન રોડ સરખેજ) એ તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૫/૨૦૨૦ બપોરના ૨/૩૦ થી તા.૧૧/૦૫/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઇલ નંબર +૯૧૯૧૬૩૩૯૭૩૫૨ ના ધારકે સીમાબહેનના મોબાઈલ પર ફોન કરતા સીમાબહેનના પુત્રએ ફોન ઉપાડતા ફોનમાં જણાવેલ કે તમારો ફોન થ્રિજીમાંથી ફોરજીમાં ફેરબદલ કરવાનો છે તેમ કરવાનુ જણાવી સીમાબહેનના મોબાઇલમાં આવેલ એસ.એમ.એસ. ૧૨૩૪૫ નંબર ઉપર ફોર્વર્ડ કરાવડાવી સીમાબહેનના આઇસીઆઇસીઆઇ બેન્ક ખાતાની માહીતી લઈ સીમાબહેનનો મોબાઇલ નંબર બંધ કરી ખાતામાંથી તા.૧૧/૦૫/૨૦૨૦ સાજના ૫/૦૦ સુધીમાં ઈન્ટરનેટના માધ્યમથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨,૩૯,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.બી.ગોયલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** ધર્મેશ મનસુખભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે. દર્શન વીલા સોસાયટી ગોપાલ ચોક ધરતી સ્કુલની બાજુમા નવા નરોડા) એ તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી અશરફઅલી સ/ઓ મોહમદસુબરાતી જાતે શેખ રહે દાણીલીમડા કાપડ વોશ કરતા હોય ધર્મેશ પટેલ તથા સાહેદ નાઓને પેન્ટ વોશ કરાવવાના હોય અશરફલી શેખ સાથે વાતચીત થતા વ્યાજબી ભાવે પેન્ટ વોશ કરી આપવાનુ કહી વિશ્વાસ આપી તા.૧૫/૦૧/૨૦૨૦ થી તા.૧૫/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા સુએઝફાર્મ પર આવેલ લકી એસ્ટેટના અલી વોશ નામના ગોડાઉન ખાતે ધર્મેશ પટેલ તથા તેના ભાગીદાએ અશરફઅલી શેખને જીન્સ પેન્ટ નંગ- ૧૧૫૬૭ કિમત રૂપિયા ૩૬,૬૩,૬૦૦/- જીન્સ પેન્ટને વોશ કરવા આપતા તે જીન્સ પેન્ટ લઇ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ. ગોહિલ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** પ્રતિકભાઈ સુભાષચંદ્ર ઉપાધ્યાય (ઉ.વ.૩૮) (રહે. આદર્શ બંગ્લોઝ મોતીપુરા હિમતનગર જી.સાબરકાંઠા) એ તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૦ થી તા.૨૭/૦૫/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન કેનેરા બેંક આશ્રમ રોડ શાખા ગ્રાઉન્ડ ફ્લોર નારાયણ ચેમ્બર નહેરૂબ્રીજ ખાતે આરોપી (૧) કેનેરા બેંક આશ્રમ રોડ શાખાના અધિકારી સંદીપભાઈ હર્ષદલાલ શાહ (૨) અઘોરી આદેશનાથજી ચેરીટેબલ ટ્રસ્ટના મયુરભાઈ જાદવ (૩) કે.ડી.સર્વિસીસ ફાઉન્ડેશન તથા કંચન લક્ષ્મી ફાઉન્ડેશનના દિનેશભાઈ સોમાણી (૪) ઈમરાન તાજમોહંમદ માણેક (૫) ટાઈકોન એજન્સી અને (૬) ઓરીઓન મીલ્સ એજન્સી ના માણસોએ ભેગા મળી પ્રતિકભાઈ ઉપાધ્યાય એ વિસનગર નાગરીક સહકારી બેંકના રૂપિયા ૩૫,૨૯,૦૦,૦૦૦/- જુદી-જુદી તારીખે આરટીજીએસ.થી કેનેરા બેંક આશ્રમ રોડ શાખામાં જમા કરેલ તે નાણા કેનેરા બેંકના અધિકારીએ બોગસ ચાલુ ખાતું ખોલી ચેક બુક આપી ચેકમાં ખોટી સહીઓ કરી રૂપિયા ૨૧,૧૪,૧૦,૦૦૦/- ડાયરેક્ટ તેમજ બોગસ ચાલુ ખાતામાં ટ્રાન્સફર કરી તે પૈકીના રૂપિયા ૧૮,૦૭,૯૭,૩૧૪/- અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી વિસનગર નાગરીક સહકારી બેંકના સરકારી રૂપિયા મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૭૯/૨૦૨૦**

**સેટેલાઇટઃ** મહેશકુમાર રસિકલાલ ઠક્કર (રહે. થર્ડ આઇ બ્લેસિંગ પ્રેરણાતીર્થ દેરાસર પાસે સેટેલાઇટ) એ તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૩/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૨૦/૦૩/૨૦૨૦ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓમ ટાવર સ્ટાર બજારની બાજુમા " દ્વારકેશ કેમીસ્ટ નામની દવાની દુકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૫૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૮૦/૨૦૨૦**

**નવરંગપુરાઃ** રમેશભાઇ સ/ઓ પુખરાજજી જૈન (ઉ.વ.૬૫) (રહે.કળશ રેસીડેન્સી-૧ શાંતિનગર જૈન દેરાસરની બાજુમાં ઉશ્માનપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૦ સાજના ૬/૧૦ વાગ્યાના સુમારે નવરંગપુરા મિઠાખળી છ રસ્તા પાસે દેવરા એવન્યુ નજીક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સરનામુ પુછવાના બહાને રમેશભાઈને ઓફીસના દરવાજા આગળ રોક્યા હતા. ત્યારબાદ રમેશભાઈ એક્ટીવા પાર્ક કરી તેઓને સરનામુ બતાવવા ગયા હતા તે સમયે બીજા મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રમેશભાઈની નજર ચુકવી રમેશભાઈના એક્ટીવાની ડેકીમાંથી ૪,૯૯,૫૦૦/- ચોરી કરી લઈ જતા રહ્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એસ.મીસ્ત્રી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૮૧/૨૦૨૦**

**રીવરફ્રન્ટ વેસ્ટ**ઃ હસમુખભાઈ હાલચંદભાઈ શેઠ (ઉ.વ.૫૯) (રહે. ગગનવિહાર ફ્લેટ બોરસલ્લી એપાર્ટમેન્ટની બાજુમા આમપુર) એ બિમારીથી કંટાળી તા.૧૬/૦૬/૨૦ કલાક ૯/૧૫ વાગ્યા પહેલા જમાલપુરબ્રીજની પાસે, એન.આઈ.ડી. પાછળ રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૪ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**સરખેજ**ઃ નિલમબહેન તે સતિષભાઇ રામભજ હુડાની વિધવા પત્ની (ઉ.વ.૩૮) (રહે. સત્યદીપ હાઇટસ, ટોરન્ટ પાવર સામે, મકરબા, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૬/૨૦૨૦ બપોરના ૨/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.ચૌધરી ચલાવે છે.

**મેઘાણીનગર**ઃ હિતેશ દિલીપકુમાર ગુરખા (ઉ.વ.૩૬) (રહે. મધુબન સોસાયટી વિંભાગ-૨ લિમડા બસ સ્ટેન્ડ ,ભાર્ગવ રોડ,મેઘાણીનગર) ના પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૬/૦૬/૨૦૨૦ સાજના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમા પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

**ઓઢવ**ઃ પંખી વા/ઓ અમીતકુમાર જોષી (ઉ.વ.૨૩) (રહે. અરીહંતબાગ સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૬/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “આઈ” ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી